જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૧૨/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૨૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૩૦૯ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૨,૧૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૨૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૭૨૭/૨૦૨૫**

ખાડીયાઃ ઈન્દુબહેન જસવંતભાઈ વાઘેલા (ઉ.વ.૬૭) (રહે. લાલાવસાની પોળ રાયપુર ખાડીયા) એ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૧૨/૨૦૨૫ સવારના ૦૯/૩૦ થી ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી ચાંદીના સાંકડા નંગ–૨ કિમત રૂપિયા ૩૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૫૨,૦૦૦/– મળી કુલ રૂપિયા ૮૨,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.વી.ઠક્કર ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૭૨૮/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ મનિષાબહેન ઉત્પલભાઇ પટેલ (ઉ.વ.૫૬) (રહે. મનોરથ કોમપ્લેક્ષ સતાધાર ચાર રસ્તા થલતેજ) એ તા.૦૭/૧૨/૨૦૨૫ રાતના ૦૮/૧૫ થી ૦૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોની થાઇ સ્પા આગળ એસ.જી.હાઇવે સર્વિસ રોડ થલતેજ ખાતે પાર્ક કરેલ કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઇ ગઈ હતી. જે બેગમાં (૧) ડાયમંડની બે બુટ્ટી કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/– (૨) ડાયમંડની બે રીંગ કિમત રૂપિયા ૭૦,૦૦૦/– (૩) ડાયમંડની ચેઇન કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/– (૪) આઇ ફોન મોબાઇલ ૧૭ પ્રો કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/– (૫) આઇફોન ૧૬ પ્રો મેક્સ કિમત રૂપિયા ૭૦,૦૦૦ (૬) પ્રાડા કંપનીના ચસ્મા કિમત રૂપિયા ૧૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૯,૨૦,૦૦૦/– મતા હતી. આ અંગેની ફરીયાદ મનિષાબહેન પટેલે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૭૨૯/૨૦૨૫**

વટવા જીઆઈડીસીઃ સોહન હીલ આકૃતી ટાઉનશીપ નજીક નારોલ ખાતે રહેતા મંગલ હકકારામ રાઠોર (ઉ.વ.૪૮) (મુળ વતન. ગામ–ગઢશીવાણા તા.જી–બાડમેર રાજસ્થાન) તા.૦૪/૧૨/૨૦૨૫ બપોરના ૦૩/૦૦ વાગ્યાના સુમારે જીઆઈડીસી વટવા ફેઝ–૦૪ ઈન્ડો જર્મનટુલ રૂમની પાછળ શાલીન હાઈડ્રોલીક કંપનીમાં હાઈડર પાવર પેક ટેસ્ટીંગનુ કામ કરતા હતા ત્યારે અચાનક ગેસનો બાટલો ફાટતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૧૨/૨૦૨૫ રાતના ૧૧/૨૪ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

એલીસબ્રીજઃ જગદીશભાઈ નટવરભાઈ લીડીયા (ઉ.વ.૩૭) (રહે. ભીલવાસ ઠાકોરવાસ ભુદરપુરા ગામ આંબાવાડી) તા.૦૭/૧૨/૨૦૨૫ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે આંબાવાડી વિર વિક્રમનગર મકાન નંબર–૬ ખાતે કલર કામ કરતા હતા ત્યારે પગ લપસી જતા બીજા માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ૦૨/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પુ.મ.સ.ઈ.શ્રી કરિશ્માબહેન રાજેનદ્રસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૭૩૦/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ રીના ઉર્ફે રેણુકા વા/ઓ રાજેશભાઈ પરમાર (ઉ.વ.૧૯) (રહે. રબારીવાસ કૃષ્ણનગર વિભાગ–૦૧ ભમરીયાના છાપરાં ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૨/૨૦૨૫ સવારના ૦૯/૩૦ થી સાંજના ૦૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી "એ" ડીવીઝન ચલાવે છે.

વેજલપુરઃ જિગ્નેશ સ/ઓ મહેશભાઈ ચૌહાણ (ઉ.વ.૨૨) (રહે. બળદેવનગર વિભાગ–૧ ટી.વી.નાઈન પાસે વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૨/૨૦૨૫ સાંજના ૦૫/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે બારીમાં લોખંડની ગ્રીલ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દેવરાજભાઇ ધીરજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી